7

**સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત અનસૂચિત જાતિના ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓની નિભાવ ગ્રાન્ટમાં વધારો કરવા વર્ષ ૨૦૧૫-૧૬ ની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.**

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અમશ-૧૦૧૪-૯૦૮૭૧૫-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૮/૪/૨૦૧૫.

<u>વંચાણે લીધાઃ</u>

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૧૯-૧૨-૨૦૧૪ના પત્ર ક્રઃ અજાક-આ.શા.-ગ-ન.બા.૧૪-૩૮૩૫- ૩૬.

<u>ઠ રા વઃ</u>

સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત અનુસૂચિત જાતિની ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓને વિદ્યાર્થી દીઠ રૂ.૧૦૦૦/- નિભાવ ગ્રાન્ટ ૧૦ માસ (દસ મહિના) માટે આપવામાં આવે છે. સ્વૈચ્છિક સંસ્થાઓ તરફથી મળેલી રજુઆતો તેમજ વર્તમાન મોંઘવારીને ધ્યાનમાં રાખી નિભાવ ગ્રાન્ટમાં વધારો કરવા બાબતે વંચાણે લીધા ક્રમ-૧ પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૧૯-૧૨-૨૦૧૪ ના પત્રથી વર્ષ ૨૦૧૫-૧૬ માં નવી બાબતની દરખાસ્ત રજુ કરેલ જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે સ્વૈચ્છિક સંસ્થાઓ સંચાલિત અનુસૂચિત જાતિની ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓને વિદ્યાર્થી દીઠ હાલમાં મળતી નિભાવ ગ્રાન્ટમાં રૂ.૫૦૦/- (અંકે રુપિયા પાંચસો પુરા)નો વધારો કરી રૂ.૧૫૦૦/- (અંકે રુપિયા એક હજાર પાંચસો પુરા)નો નિભાવ ગ્રાન્ટ ૧૦ માસ માટે આપવાની યોજના અમલમાં મુકવા માટે વર્ષ ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રમાં આશ્રમશાળા માટે કુલ રૂ.૫૧૬.૫૦ લાખની નવી બાબતનો સમાવેશ કરવામાં આવેલ છે. પ્રસ્તુત નવી બાબતને નીચે સુચવ્યા મુજબની શરતોએ નવી બાબતને વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ મંજૂરી અન્વયે ચૂકવવાપાત્ર નિભાવ ગ્રાન્ટની સુધારેલ રકમ મુજબનો ખર્ચ તા.૧-૪-૨૦૧૫ પછીથી શરૂ થતા નવા સત્રથી કરવાનો રહેશે.

(૪) આ અંગેનુ ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૭) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૯) નિભાવ ગ્રાન્ટ ચૂકવવા અંગેની અન્ય શરતો યથાવત રહેશે.

આ અંગેનું ખર્ચ મુખ્ય સદર –૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગોનુ કલ્યાણ- પેટા સદર-૦૧- અનુસૂચિત જાતિઓનુ કલ્યાણ ગૌણ સદર- ૨૭૭- શિક્ષણ- બીસીકે-૨૭-અનુસૂચિત જાતિ પેટા યોજના શ્રી જુગતરામ દવે આશ્રમશાળા યોજના હેઠળ આશ્રમશાળાઓ માટે સહાયક અનુદાન હેઠળ કરેલ જોગવાઇમાંથી મેળવવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૬-૩-૨૦૧૫ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી. સી. શાહ )
સેકશન અધિકારી,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી, (નિયામકશ્રી મારફત)
સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત) જીલ્લા પંચાયત, (નિયામકશ્રી મારફત)
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (નિયામકશ્રી મારફત)
બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
અ.૧ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સેકશન અધિકારીશ્રી, કો.સેલ, સા.ન્યાય.અને અ.વિ.ની વેબસાઇટ ઉપર મુકવા વિનંતી
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
પસંદગી ફાઇલ.